જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૯/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૭૯૪/૧૫

## એક્ટીવાના મુદ્દામાલ સાથે એક ઇસમની ધરપકડ કરી ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રેન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી પી.બી.દેસાઇ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા રોયક અકબર ટાવર જાહેર રોડ ઉપર આવતાં સાથેના પો.કો.નિશાર અહેમદ ઉસ્માનમીયા તથા પો.કો. વિજયસિંહ બળવંતસિંહ નાઓની સંયુક્ત બાતમી આધારે ઈમરાન અહેમદખાન પઠાણ ઉ.વ.૩૨ રહે- ચંડોળા તળાવના છાપરા અમ્મા મસ્જીદ ની સામે શાહઆલમ અમદાવાદ નો મળી આવેલ. જે ઇસમની પાસેથી મળી આવેલ હોન્ડાએક્ટીવા જેનો ચેચીસ નંબર જોતાં ME 4m J F 504GET 523883 નો તથા એન્જીન નંબર જોતાં J F 50 ET 2524959 કિ.રૂ. ૫૦૦૦૦ ની ચોરી કરી ફેરવતો હતો જેવી હકીકત જણાવેલ. જેથી આ બાબતે તપાસ કરાવતાં પાલડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૦૭/૧૫ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ ગુનો નોંધાયેલાની હકીકત જણાયેલ. જેથી મળી આવેલ હોન્ડા એક્ટીવીને સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ અને આરોપીને આજરોજ તા.૦૫/૦૯/૧૫ ના કલાક ૧૮.૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામાં આવેલ. વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો પાલડી પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## ઉછીના લીધેલ નાણા પરત ન આપવા પડે તે માટે રક્ષાબંધનના દિવસે જ છરીનો ઘા મારી મોત નીપજાવી નાસતો ફરતો આરોપી ક્રાઇમ બ્રાંચની ઝપટમાં

ના.પો.કમિ.શ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ સેલના પોલીસ ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓની રાહબરી હેઠળ સાયબર સેલના પો.સ.ઇ.શ્રી તરલ ભટ્ટ નાઓએ સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે અમદાવાદ શહેર વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન કડી પાસે આવેલ કરણનગર ગામમા ભરત પટેલ નામના ઇસમના ખુન કેસના આરોપી ગુણવંત રમણલાલ પંડ્યા, રહેવાસી: કાળુભાઇ મુળચંદભાઇ પટેલના ભાડાના મકાનમાં, પુરુષોત્તમનગર સોસાયટી, ગામ: કરણનગર, કડી પાસે, તા.જી. મહેસાણા નાને ઇસ્કોન સર્કલ પાસેથી પકડી પાડેલ છે.

આરોપીની પુછપરછમા જણાવેલ છે કે, કરણનગર ગામમા ભરત માણેકલાલ પટેલ ખુબ જ દારુ પીવાની ટેવવાળો હતો અને ગામમા માથાભારે સ્વભાવ ધરાવતો હતો. ભરત પટેલ અવાર નવાર આરોપી ગુણવંત પઁડયા ને ગાળો બોલતો હતો પરંતુ આરોપી તેને કોઇ જવાબ આપતો નહતો. રક્ષાબંધનની રાતના સમયે ભરત પટેલે મારામારી કરતા પોતાની છરીથી ભરત પટેલને છાતીમા ઘા મારી ભાગી નીકળેલ અને ચોટીલા તથા અમદાવાદ શહેરમા રેલ્વે સ્ટેશન વગેરે જગ્યાઓએ રહીને દિવસો પસાર કરતો હોવાનુ જણાવેલ છે.

જયારે ખરી હકિકત મુજબ મરણ જનાર ભરતભાઇ માણેકલાલ પટેલ નાઓએ આરોપી ગુણવંત પંડયાને રૂ.૨૦,૦૦૦/- ઉછીના આપેલ હતા અને તેની પાસેથી અવાર નવાર માંગણી કરવા છતા આરોપીએ ઉછીના લીધેલ નાણા પરત આપેલ નહી અને આ ઉછીના લીધેલ નાણા બાબતે બોલાચાલી થતા આરોપીએ તેની પાસેની છરીથી ભરત પટેલના છાતીમા એક ઘા મારતા ભરત પટેલ સ્થળ પર જ મોત નીપજેલ હતુ.  જે બાબતે કડી પોલીસ સ્ટેશનમા ખુનનો ગુનાઓ દાખલ થયેલ છે.

આરોપીનુ મુળ વતન કલોલ ખાતે આવેલ છે અને પોતે ધાર્મિક કર્મકાંડ કરતો હોવાનુ જણાવેલ છે. પોતે જ્યારે ૧૨-૧૫ વરસનો હતો તે વખતે ઝઘડો થયેલ અને એક ઇસમને છરી મારેલ તો ગુનામા કલોલ પોલીસ સ્ટેશનમા પકડાયેલાનુ જણાવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સાબરમતી બી.આર.ટી.એસ. રોડ પર આજ થી ત્રણ મહિના અગાઉ રાત્રીના સમયે મોટર સાયકલ ચાલકને ઉભો રાખી માર મારી સોનાની ચેઇન તથા મોબાઇલ ફોન ની લુંટ કરી નાસી જનાર ઇસમને લુંટ કરેલ મોબાઇલ ફોન તથા મોટર સાયકલ સાથે પકડી પાડી જુહાપુરાના ઇસમને ઝડપી પાડી લુંટના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ, મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઈ. શ્રી જે.એન.ચાવડા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના પો.કોન્સ. કરણસિંહ રવસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી ઇમ્તીયાઝ અનવરહુસેન મામટી(ઘાંચી) ઉ.વ. ૧૯ (રહે. નુરેલક્ષ્મી સોસાયટી, સોનલ સિનેમા પાસે વેજલપુર) (ભાડાના મકાનમા) ને પાલડી ચાર રસ્તા પાસેથી ચોરીના લુંટ કરેલ મોબાઇલ માઇક્રોમેક્સ કંપનીનો A-88 મોડલનો મોબાઇલ ફોન સફેદ કલરની બોડીવાળો જેની સ્કીન તુટેલ છે. જે ડબલ સીમ વાળો જેના IMEI no (૧) ૯૧૧૨૫૬૮૦૧૦૩૫૪૦૯ (૨) ૯૧૧૨૫૬૮૦૧૨૩૯૪૦૭ જેમા સીમકાર્ડ નથી જેની કિમત રૂ.૪૦૦૦/- ગણી શકાય તથા લુંટ કરવા ઉપયોગ કરેલ મોટર સાયકલ હિરો સ્પેન્ડર પ્લસ મોટર સાઇકલ કાળા કલર જેની આગળ પાછળ આર.ટી.ઓ. નંબર જીજે.૦૧.એસ.વાય.૧૦૬૯ લખેલ તેમજ એન્જીન નંબર H A 10 EJ.F.H.B26064 તથા ચેસીસ નંબર M B L H A 10 A M F H B 70046 લખેલ જણાય છે જેની કિ.રૂ.૪૫,૦૦૦/- ગણી શકાય જે મોટર સાયક્લ તથા મોબાઇલ ફોન મળી કુલ કિ.રૂ.૪૯,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે આજરોજ તા.૪/૯/૨૦૧૫ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે અને જેની પુછપરછ કરતા પોતે તથા સહ આરોપી ઝેદખાન સઇદખાન પઠાણ રહે. હઝરત ખ્વાઝા સોસાયટી, જુહાપુરા, અમદાવાદ વાળાની સાથે મળી આજથી ત્રણ મહિના પહેલા સાબરમતી બી.આર.ટી.એસ. રોડ પરથી રાત્રીના સમયે એક મોટર સાયકલ ચાલકને રોકી તેને મારમારી તેણે પહેરેલ સોનાની ચેઇન તથા મોબાઇલ ફોનની લુંટ કરી મોટર સાયકલ લઇ ભાગી ગયેલ હોવાની હોવાની કબુલાત કરે છે. સદર બનાવ બાબતે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે સુપલભાઇ અરવિંદભાઇ બ્રહ્મ ક્ષત્રિય નાઓએ ફરીયાદ આપેલ હોય, આરોપી તથા મુદ્દામાલ આગળની વધુ તપાસ અર્થે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)